ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૨ ટકા

## આઈ લવ માય ગાંધીનગર



**મિલન ઉમેશચંદ્ર વ્યાસ**
**પત્રકાર**

**ગાંધીનગર ગમે**

આ શહેર સાથે લાગણીના સંબંધો છે તેથી તે ખૂબ ગમે છે. વળી તેનું શાંત અને રમણીય હોવું પણ પૂરતું છે ગમવા માટે.

**નગરજનો**

'મારે શું' ને 'મારું શું' જેવા સ્વાર્થીઓથી માંડીને અડધી રાત્રે અન્યનો જીવ બચાવવા દોડતા સેવાભાવી લોકો અહીં વસે છે. રાત્રે ૩ વાગ્યે પોતાની ઉંઘ બગાડીને લૅબોરેટરી ચાલુ કરતા મહેન્દ્ર ગજ્જર જેવા ઉમદા લોકોય છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અનેક સેવા સંસ્થાઓ ગમે. ગજેન્દ્ર ખારોડ, જયેન્દ્ર પરીખ, રવીન્દ્ર દવે ને જુસિકાથી પણ પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

ઘણું કરવાની જરૂર છે ને ઘણું ચિંતન પણ કરવાની જરૂર છે. સૌ સાથે મળીને પ્રયાસ કરીએ.

**નગર માટે હું કરી શકું**

શહેરની સ્વચ્છતા, શાંતિ અને સુંદરતાને કાયમ રાખવા માટે તથા વધારવા માટે મારાથી બનતો સઘળો સહયોગ આપવા માટે હું તત્પર છું.

# સમગ્ર ગુજરાતમાં વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા મહાકાલી સંકલ્પયાત્રા નીકળશે

**આ યાત્રાનો પાવગઢથી ૧૦ ફેબુઆરીના રોજ પ્રારંભ થશે અને ૩૦મી માર્ચના રોજ ગાંધીનગર ખાતે પૂર્ણાહુતિ થશે, આ સંકલ્પ યાત્રામાં દેવીપૂજક સમાજના લાખો ભાઈ-બહેનો જોડાશે**

ગાંધીનગર, તા.૭

વિરાટ દેવીપૂજક સંઘ અને સમસ્ત ગુજરાત દેવીપુજક સમાજ દ્વારા ''મહાકાળી સંકલ્પ યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાકાળી સંકલ્પ રથ યાત્રા આગામી તા. ૧૦ ફેબુઆરીને શુક્રવારના રોજ સવારે ૯.૪૫ થી ૨.૧૫ દરમિયાન પાવાગઢ મંદિર ચાંપાનેર ખાતેથી પ્રસ્થાન થશે. સમગ્ર રાજયના દરેક જિલ્લામાં સંકલ્પ યાત્રા પરિભ્રમણ કરશે અને તા.૩૦ માર્ચના રોજ ગાંધીનગર માં પૂર્ણાહુતી થશે. આ યાત્રા સમાજના ઉધ્ધાર, વિકાસ, શિક્ષણ, અનામત, વ્યસનમુકિત અંગે સમાજમાં જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી કરવામાં આવી છે. આ મહાકાલી સંકલ્પ યાત્રામાં એક કરોડથી વધુ સમાજના ભાઈ બહેનો સંકલ્પ લેશે. જયારે વિરાટ દેવીપુજક સંઘ દ્વારા તા.૧૧ એપ્રિલના રોજ ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મહાસંમેલન યોજાશે. જેમાં રાજયભરમાંથી દેવીપુજક સમાજના હજ્જારો ભાઈ બહેનો ઉપસ્થિત રહેશે.

આજે સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે સમસ્ત દેવીપુજક મહાકાળી સંકલ્પ યાત્રા વિશે વિરાટ દેવીપુજક સંઘના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું હતું કે મહાકાળી માતાજીના પાવાગઢ ખાતે થી દિવ્ય વાતાવરણમાં ''મહાકાળી સંકલ્પ યાત્રા'' તા.૧૦ ફબુઆરીના રોજ હજ્જારો દેવીપુજક સમાજના ભાઈ બહેનોની સાથે સવારે ૯.૪૫ થી ૨.૦૦ કલાક દરમિયાન પ્રસ્થાન થશે. ગુજરાત રાજયમાં અન્ય સમાજો કરતા દેવીપુજક સહિત વિચરતી-વિમુકત જાતિ સમાજ આર્થિક અને શૈક્ષણિક રીતે ઘણો પછાત છે. આ સમાજના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકતા નથી.અનામતના આપણા વિકાસ માટે કોઈ લાભ મળતા નથી. ત્યારે આપણે બધા એક થઈ દેવીપુજક સમાજના ઉત્થાન માટે, ગરીબીમાંથી મુકિત માટે, ભેદભાવ દુર કરવા, બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે,તેમજ અનામત, શિક્ષણ અને વ્યસન મુકિત માટે સમાજમાં જાગૃતિ આવે તે માટે ખાસ આ સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ઓબીસી કેટેગરીને મળતુ ૨૭ ટકા અનામતમાંથી વિચરતી વિમુકત જાતિને સ્પેશ્યલ એસટી કેટેગરી વાળુ ૧૧ ટકા અનામત આપવામાં આવે તેવી માંગ દેવીપુજક સમાજ દ્વારા કરવામાં આવી છે. ત્યારે સમાજ માટે આ સંકલ્પ યોજવામાં આવી છે. જેમાં પાવાગઢથી પ્રસ્થાન બાદ મહાકાળી સંકલ્પ યાત્રા રાજયના દરેક જિલ્લામાં પરિભ્રમણ કરશે અને વિરાટ દેવીપુજક સંઘના હોદેદારો અને કાર્યકરો દ્વારા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. રાજયભરમાંથી આ યાત્રામાં દેવીપુજક સમાજના લાખો ભાઈ બહેનો જોડાશે. જયારે રાજયમાં વસવાટ કરતા દેવીપુજકના ભાઈ બહેનો પોતાના જિલ્લામાં રથયાત્રા આવે ત્યારે સમાજ માટે સંકલ્પ કરવામાં આવશે કે દેવીપુજકને અલગથી અનામત નહી તો વોટ નહી.. આ સંકલ્પ અંદાજીત રાજયના સવા કરોડ દેવીપુજક લેશે. જયારે ગાંધીનગર ખાતે તા.૩૦ માર્ચના રોજ મહાકાળી સંકલ્પ યાત્રા પૂર્ણ થશે. તેમજ આગામી તા. ૧૧ એપ્રિલના રોજ સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે મહાસંમેલન યોજાશે જેમાં સમાજના હજ્જારો ભાઈ બહેનો પોતાના હક માટે ગાંધીનગરના આંગણે એકઠા થશે.

# ભારતની રેકોર્ડ બ્રેક રાજકોટ મેરેથોનમાં ગાંધીનગરના રનર્સને ફિનિશરનો મેડલ





ગાંધીનગર, તા.૭

રાજકોટમાં રવિવારે યોજાયેલી મેરેથોને પાર્ટિસિપેશનના ભારતના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે. મુંબઈ જેવા મહાનગરની મેરેથોન કરતાં બમણાં દોડવીરોને સમાવતી આ મેરેથોન એશિયામાં બીજા નંબરની વિશાળ મેરેથોન યોજવાની સિદ્ધિ પણ પોતાના નામે કરી છે. ૬૩ હજાર સ્પર્ધકોએ નામ નોંધાવતા આયોજકોને નોંધણી બંધ કરવાની ફરજ પડી હતી. ગુજરાત રાજયના મુખ્યમંત્રી અને રાજકોટના વતની વિજય રૂપાણી તેમજ ક્રિકેટર ચેતેશ્વર પૂજારાએ ફલૅગ ઑફ કરાવી આ રેકોર્ડબ્રેક મેરેથોન ખુલ્લી મુકી હતી. ૪૨ કિ.મી. ફુલ મેરેથોનમાં કેન્યા-ઈથોપીયા સહિતના કુલ ૧૧૦૦ જયારે ૨૧ કિ.મી. હાફ મેરેથોનમાં ૨૨૦૦ સ્પર્ધકો હતા. ૧૦ કિ.મી.માં દસ હજાર અને અન્ય વિભાગમાં પચાસ હજાર સ્પર્ધકો માટે મેરેથોન રૂટ છલકાયો હતો.

ગાંધીનગર રનર્સ ગ્રુપના ડૉ. જીજ્ઞેસ રાજવીર, જગત કારાણી, ડૉ. રમેશબાબુ ગટ્ટુ, દિલીપ શર્મા, સંજય થોરાત, મયુર થાનકી, પ્રવિણ નાયર અને દેવાંગ ચંદ્રાત્રેએ હાફ મેરેતોનમાં ભાગ લઈને ફિનિશરનો મેડલ જીત્યો હતો. રાજકાટના લોકોએ સતત ચિયર્સઅપ કરી રનર્સનો ઉત્સાહ ઉધાર્યો હતો.

ગાંધીનગરની રનર સીતા ચારેલે મહિલા વિભાગમાં માત્ર એક કલાક ૨૭ મિનિટમાં રેસ પૂર્વ કરી ચોથો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. ગાંધીનગર ગ્રુપની મહિલાને ઈનામ ળતાં ગાંધીનગર રનર્સ ગ્રુપમાં આનંદ-ઉત્સાહનો માહોલ છવાયો હતો. રાજકોટની આ રેકોર્ડ બ્રેક મેરેથોનમાં ભાગ લઈને સહભાગી થવા બદલ રનર્સ પોતાની જાતને ભાગ્યશાળી સમજે છે. ગાંધીનગરના આ રનર્સ અભિનંદનને પાત્ર છે.



ગાંધીનગર શહેરની જાણીતી સંસ્થા જયોતિ મહિલા મંડળ દ્વારા સેકટર-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે આજરોજ લીલા શાકભાજીના ફરસાણની વાનગીની સ્પર્ધા મંડળના પ્રમુખ ડો. ચેતના બુચના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં શહેરની અંદાજીત ૨૦૦ થી વધુ બહેનોએ ભાગ લીધો હતો અને વિવિધ લીલી શાકભાજીના ફરસાણની વાનગી ઘરેથી રેસીપી સાથે તૈયાર કરીને લાવ્યા હતા. આ પ્રસંગે મીનાબેન શાહ દ્વારા આંબળા, ફુંદીના અને આદુંના શરબતનું નિર્દેશન કર્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમક્રમે રમીલાબેન મિસ્ત્રી, દ્વીતીયક્રમે બેલાબેન મહેતા અને ત્રીજા ક્રમે ચક્ષુષા વોરા વિજેતા થયા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે લતાબેન ચોકસી અને ડો. પ્રદિપ ગગલાણી હાજર રહ્યા હતા. જયારે નિર્ણાયક તરીકે પરમજીત છાબડા અને વીણાબેન વોરાએ સેવા બજાવી હતી.આ પ્રસંગે શહેરમાંથી મોટીસંખ્યામાં બહેનો હાજર રહ્યા હતા.

# ભાટનો યુવાન ઝેરી દવા પીધેલી હાલતમાં લીંબડીયાથી મળ્યો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક આવેલા ભાટ ગામનો યુવાન લીંબડીયા નર્મદા કેનાલ નજીક તરફડીયા મારતો મળી આવ્યો હતો. તેણે ઝેરી દવા પીધી હોવાનું જણાતા તાત્કાલિક સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જો કે તેનુ સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

ભાટ ગામના સંત રોહીદાસનગર વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષિય જીતેન્દ્રભાઈ શિવાભાઈ પરમાર ડભોડા નજીક આવેલા લીંબડીયા નર્મદા કેનાલ નજીક ઝેરી દવા પીધેલી હાલતમાં તરફડીયા મારતા મળી આવ્યા હતા. કયા કારણોસર દવા ગટગટાવી તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી પરંતુ તેમને તાત્કાલિક હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ થઈ જતાં ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી જમાદાર મહેન્દ્રસિંહે ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. મૃતદેહ પી.એમ. કરાવી તેના પરિવારજનોના નિવેદનો લઈ કારણ જાણવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# છેતરપીંડીના ગુનામાં એક વર્ષથી વોન્ટેડ શખ્સ પકડાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે પાલનપુર ખાતે છેતરપીંડી કરીને નાસતો ફરતો આરોપી કલોલ તાલુકાના નારદીપુર ખાતે ફરી રહ્યો છે. તેને આધારે વૉચ ગોઠવીને ગામની ભાગોળેથી આ શખ્સને એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે દબોચી લીધો છે અને પાલનપુર પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. પી.બી. ચૌહાણની સુચનાથી તેમની એબસ્કોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ કે.એ. પ્રજાપતી તથા તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓને



પકડવા સક્રીય છે. કલોલ તાલુકા વિસ્તારમાં ગઈકાલે ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ જયવિરસિંહને બાતમી મળી કે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનની હદમાં આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૪૧૭, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ ગુનો આચરનાર નારદીપુર ગામનો શખ્સ મંગળ ઉર્ફે મહેશ બળીયાજી વાઘેલા એક વર્ષથી નાસતો ફરે છે. આ શખ્સ નારદીપુરમાં ફરી રહ્યો છે માહિતી મળતા જ ટીમ નારદીપુર પહોંચી ગઈ હતી અને ગામની ભાગોળથી મંગળ ઊર્ફે મહેશને દબોચી લેવામાં આવ્યો હતો. આરોપીની ધરપકડ કરી પાલનપુર પોલીસને સોંપવા તજવીજ કરવામાં આવી છે.

## આદરજ મોટી - વિજાપુર રેલવે ગેજ પરિવર્તન માટે ૨૯૬ કરોડ ફાળવાતા હર્ષોલ્લાસ

કલોક - વિજાપુર રેલવે લાઈન પર આદર મોટીથી વિજાપુર સુધી ગેજ પરિવર્તન કરવા માટે ૨૯૬ કરોડ ફાળવાયા છે. જેની કામગીરી શરુ થયેલ છે. અમદાવાદ ડિવિઝનમાં રેલવેના નવા ગેજ પરિવર્તન માટે ૧૭૦૦ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. જેને ઉત્તર ગુજરાતવાસીઓએ આવકારી હતી.

સેકટર-૨૬ કિસાનનગર વસાહત મંડળના પ્રમુખ પ્રો. ડાહ્યાભાઈ પટેલે સરકારમાં જોરદાર રજૂઆત કરી હતી. જેની રજૂઆતને માન્ય રાખવામાં આવી હતી. તેથી ભારત સરકારના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રેલવે મંત્રી સુરેશ પ્રભુ તથા સાંસદ સભ્ય એલ.કે. અડવાણી અને અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉત્તરપ્રદેશની લુંટનો ભેદ ગાંધીનગર એલસીબીએ ઉકેલ્યો

ઉત્તરપ્રદેશના ગૌતમબુધ્ધ જિલ્લામાં થયેલી લુંટના ગુનાનો ભેદ ગાંધીનગર એલસીબીની ટીમે ઉકેલ્યો છે. લુંટમાં વપરાયેલી સ્વીફ્ટ ગાડી ઉપરાંત આધાર પુરાવા વગરની અન્ય રાજ્યોની ત્રણ ગાડીઓ પણ તેની પાસેથી મળી આવી છે. મહેસાણાના આ શખ્સની ધરપકડ કરી લઈ રૂ. ૨૭ લાખની કિંમતની ચાર ગાડીઓ જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પીએસઆઈ કે.એ. પટેલ તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન માહિતી મળી હતી કે મહેસાણા માનવ આશ્રમ ચોકડી પાસે રહેતા ભરત બાબર રબારી બીજા રાજ્યોની આધાર પુરાવા વગરની ગાડીઓની લે-વેચ કરે છે. અને તેમની પાસે પડેલી ગાડીઓ પૈકી એક ગાડી ઉત્તરપ્રદેશના ગૌતમબુદ્ધનગર જિલ્લામાં બનેલા લુંટના ગુનામાં વપરાયેલી છે. જે આધારે તપાસ કરી સ્વિફ્ટ ગાડી ઉપરાંત અન્ય રાજ્યોની આધાર પુરાવા વગરની ત્રણ ગાડીઓ પણ મળી આવી હતી. ચારેય ગાડીઓ પીએસઆઈ કે.એ. પટેલની ટીમે જપ્ત કરી લઈ આરોપીની ધરપકડ કરી સે. ૨૧ પોલીસને સોંપવા તજવીજ કરી છે.

## @ગાંધીનગર

● વંદે માતરમ્ પરિવાર દ્વારા આનંદનો ગરબો સેકટર-૨૯, બ્લોક નં. ૧૦૫/૨ 'જ' ટાઈપ ખાતે બપોરે ૩ થી ૫.૩૦ દરમિયાન યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા રામેશ્વર મંદિર સેકટર-૩ડી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

## વાતવાતમાં

● ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીની ગરમા ગરમીની અસર હતો. ગાંધીનગરમાં પણ વર્તાઈ રહી છે. નગરજનોને એસએમએસ, સોશ્યલ મિડિયા વગેરે પર યુપીમાં ભાજપ જીતશે કે સપા તેવા અનુમાનો કરવાના સંદેશા પ્રાપ્ત થઈ રહ્યાં છે.

● ગાંધીનગરની કૉલેજોમાં રોઝ ડેની ઉજવણીના કારણે શહેરમાં ગુલાબના ભાવો ઉંચકાયા હતા. શહેરના કૉલેજ કેમ્પસની આસપાસ ગુલાબના ફુલ વેચતા ફેરિયા પણ જોવા મળ્યાં હતા.

● જમીયતપુરા નર્મદા કેનાલમાંથી એક બિનવારસી યુવાનનો મૃતદેહ ગાંધીનગરની ફાયર બ્રિગેડ ટીમે બહાર કાઢ્યો હતો. આ યુવાને આપઘાત કર્યો હોય તેવી શંકાના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

● શહેરમાં થોડા દિવસ પૂર્વે ઠંડી ગાયબ થતાં શેરડીના રસના કોલા ચાલુ થવા પામ્યાં હતા. જોકે એકાએક ઠંડીએ પુનઃ જોર પકડતા આ રસના કોલા 'ઠંડા' પડી જવા પામ્યાં છે.

● લગ્નના રિસેપ્શનના માહોલમાં તાજેતરમાં એક પરિવારે રાજસ્થાની વાનીઓ સાથે રાજસ્થાની ગામડાનો પરિવેશ ઊભો કરીને આકર્ષણ જમાવ્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. ગાભાજી કુબેરજી ઠાકોર, ઉ.વ.૬૦
● સ્વ. મીનાક્ષીબહેન મહેન્દ્રભાઈ ચાવડા, ઉ.વ.૫૩
● સ્વ. વિરસંગજી કેશાજી ઠાકોર, ઉ.વ.૫૨

# બહાર નોકરી કરતાં શહેરીજનોને વાહનપાર્કની સમસ્યા

**જાહેર પરિવહન વ્યવસ્થાના અભાવે ફરજ્યાત પોતાના વાહનનો ઉપયોગ કરવાની નોબત, પોતાના જોખમે વાહન પાર્ક કરવાની મજબૂરી, શહેરના મુખ્ય પીકઅપ પોઈન્ટોએ વાહનોનો દૈનિક જમાવડો સ્માર્ટ સીટીને અર્પણ**

ગાંધીનગર, તા. ૭

ટ્રાફિકની વિકરાળ સમસ્યાના નિવારણ માટે જાહેર પરિવહન વ્યવસ્થાના મહત્તમ ઉપયોગને પ્રાધાન્ય આપવામાં આવ્યુ છે અને લોકો પોતાના ખાનગી વાહનોનો ઉપયોગ બંધ કરી સાર્વજનિક વાહનનો ઉપયોગ કરે તે માટે સરકાર દ્વારા પણ પ્રયત્નો થઈ રહ્યા છે. જેમાં ગુજરાત રાજ્યના પાટનગરમાં જાહેર પરિવહન વ્યવસ્થા અપૂરતી, અધુરી અને આયોજન વગરની હોવાથી શહેરીજનોને પોતાના નોકરી, ધંધા-વ્યવસાયના સ્થળે જવા ફરજ્યાત પોતાના વાહનનો ઉપયોગ કરવાની નોબત આવી છે. ગાંધીનગરના ચારે ખુણે તેમજ મુખ્ય પીકઅપ પોઈન્ટો નજીક બહાર નોકરી-ધંધા કરતા શહેરીજનોના વાહનોનો દૈનિક જમાવડો જોવા મળી રહ્યો છે. જો કે શહેરીજનોને પણ પોતાના જોખમે આવા સ્થળોએ વાહન પાર્ક કરવાની મજબૂરી છે. જેમાં સ્થાનિક તંત્ર આવી અવ્યવસ્થા માટે જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

ગાંધીનગરમાં દિન-પ્રતિદિન ટ્રાફિકમાં વધારો થઈ રહ્યો છે અને પહોળા માર્ગો પણ હવે ટુંકા લાગવા લાગ્યા છે. જો કે વહીવટીતંત્ર આ બાબતે ગંભીર ન હોવાનું પણ કેટલાક લોકો માની રહ્યા છે. શહેરમાં જરૂરી પાર્કિંગ વ્યવસ્થાનો પહેલેથી જ અભાવ રહ્યો છે જેમાં કુદકે ને ભુસકે વધેલી જન સંખ્યા અને વાહનોથી હાલ ટ્રાફીક



સમસ્યા વકરી રહી છે. વધુમાં શહેરથી બહાર નોકરી કે ધંધે જતા લોકો માટે તંત્રએ સેક્ટરવાઈઝ કોઈ જ જાહેર પરિવહન વ્યવસ્થા ઉભી કરેલ ન હોવાથી આવા મજબૂર લોકો પોતાનુ વાહન લઈ નજીકના પીકઅપ સ્ટેન્ડ નજીક પોતાના જોખમે પાર્ક કરી જાય છે. શહેરીજનોની સમસ્યાઓ પ્રત્યે ગંભીરતાથી ધ્યાન ન આપતુ તંત્ર શહેરની આવી ઝીણી ઝીણી બાબતોને નજર અંદાજ કરવુ ભવિષ્યમાં ભારે પડી શકે તેવી સ્થિતિ સર્જાઈ છે.

શહેરના મુખ્ય ચાર પ્રવેશ દ્વાર નજીક, પથિકાશ્રમ, ઘ-૫, ઘ-૬, ચ-૬, ૩૦ સર્કલ, ટાટા ચોકડી, અક્ષરધામ જેવા પીકઅપ પોઈન્ટ સ્ટેન્ડ પાસે દૈનિક મોટી સંખ્યામાં ખાનગી વાહનોનો જમાવડો જોવા મળી રહ્યો છે. આવા પાર્ક કરેલા વાહનોની ચોરી થવી, આગ લાગવી કે અન્ય ઘટના ઘટવી તેની પરવા કર્યા સિવાય શહેર બહાર નોકરી-ધંધે જતા લોકો પાર્ક કરવા એ તેમની મજબૂરી ગણી રહ્યા છે. જાહેર પરિવહન વ્યવસ્થાને તંત્ર પ્રાધાન્ય આપતુ નથી. જે કારણે આવનારો સમય આ સ્થિતિને સ્ફોટક બનાવી દેશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નગરમાં શહેરી બસ સેવાનો પ્રારંભ કરાવેલ હતો. જે હાલ ફક્ત ધંધાદારી બનીને કમાણીને જ પ્રાધાન્ય અપાય તેવા રૂટ ચલાવાય છે. તંત્ર સત્વરે યોગ્ય પાર્કિંગ વ્યવસ્થા અથવા જાહેર પરિવહન વ્યવસ્થાનું સુચારૂ આયોજન કરે તે ભવિષ્ય માટે આશીર્વાદરૂપ બનશે તેવુ લોકો ચર્ચી રહ્યા છે.